ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૭૪ ટકા

ગાંધીનગર તાપમાન

# સિવિલમાં જેનરીક દવાનો સ્ટોર શોભાના ગાંઠીયા સમાન

## જેનરીક સ્ટોરમાં રાત્રીના સમયે દવા ન મળતા દર્દીઓમાં રોષ



ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર સિવિલ સંકુલ ખાતે ૨૪ કલાક દીનદયાળ જન ઔષધિ સ્ટોર ખુલ્લો રાખવામાં આવે છે.પરંતુ આ સ્ટોરમાં દર્દીઓને જરુરી હોય તેવી દવાઓ સરળતાથી મળતી નથી. કેમ્પસમાં જેનરીક સ્ટોર ખુલ્લો રાખવામાં આવતો હોવાથી અન્ય મેડીકલ સ્ટોર બંધ રાખવામાં આવે છે. જેને પગલે ઈમરજન્સીમાં આવતા દર્દીઓને દવાઓ સરળતાથી મળતી નથી. જેને પગલે સિવિલ કેમ્પસમાં જેનરીક સ્ટોર શોભાના ગાંઠીયા સમાન બની રહ્યો છે.

ગુજરાત રાજયમાં ગરીબ અને મધ્યમ વર્ગના નાગરીકોને પોસાય તે માટે સરકારના આરોગ્ય વિભાગ દ્વારા દિનદયાળ જન ઔષધિ સ્ટોર ખોલવામાં આવ્યા છે. વિવિધ રોગની દવાઓ જેનરીક સ્ટોરમાં ઉપલબ્ધ હોય અને સસ્તા દરે સરળતાથી દર્દીઓને મળી રહે તે માટે સરકાર દ્વારા સ્ટોર વિવિધ શહેરોમાં ખુલ્લા મુકવામાં આવ્યા છે. જેનરીક દવાના સ્ટોરમાં અન્ય મેડીકલ સ્ટોર્સ કરતા દવા ઓછી કિંમતે મળે છે. જેનરીકમાં હાર્ટ, મગજ, દર્દ નિવારક, ડાયાબિટીસ, ઉધરસ-શરદી, તાવની દવા, એલર્જી, આંખ-કાનની દવા તેમજ એનીમીયાની દવા મળે છે. પરંતુ આમાંથી ગણી ગાંઠી દવાઓ દર્દીઓને મળે છે બાકીની દવાઓ મહિનાઓ સુધી હોતી નથી. જેનરીક દવાનો સ્ટોર ૨૪ કલાક ખુલ્લો રહેતો હોવાથી અન્ય સિવિલ કેમ્પસના મેડીકલ બંધ રાખવામાં આવે છે. પરંતુ સિવિલમાં આવતા દર્દીઓને ઉપયોગી મોટાભાગની દવા જેનરીક સ્ટોરમાં હોતી જ નથી. જયારે અન્ય મેડીકલ સ્ટોર પણ બંધ હોવાથી દર્દીઓ હેરાન પરેશાન થઈ જાય છે. સમગ્ર શહેરમાં વિવિધ સ્થળો પર દવા લેવા ભટકવુ પડે છે. પરંતુ તમામ મેડીકલ બંધ હોવાથી દર્દીના સગાઓ હેરાન થઈ ઉઠે છે. ત્યારે જેનરીક દવાની દુકાન સિવિલ કેમ્પસમાં શોભાના ગાંઠીયા સમાન બની ગઈ છે. રાત્રીના સમયે કેમ્પસમાં અન્ય મેડીકલ સ્ટોર પણ ખુલ્લા રાખવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે જીગ્નેશ પટેલની વરણી

ગાંધીનગર, તા.૨

ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી,



મહામંત્રી કે.સી.પટેલ અને યુવા મોરચાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ડો. રૂત્વીજ પટેલના સુચનથી આજ રોજ તા.૨ નવેમ્બરને ગુરૂવારના રોજ ગાંધીનગર મહાનગર ભાજપાના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ દ્વારા યુવા મોરચાના પ્રમુખ તરીકે જીગ્નેશ પટેલ (જીગર પટેલ) તથા મહામંત્રી તરીકે યુવરાજસિંહ ચાવડા તથા નવા મહામંત્રી તરીકે ધ્રુવિલ પટેલની વરણી કરવામાં આવી છે.

# સેકટર-૧૬માં બેંકિંગ અવર્સ દરમિયાન ટ્રાફિક જામના દશ્યો

## ટ્રાફિક જામના કારણે અનેકવાર રકઝક સાથે માથાકૂટના બનાવો સામાન્ય

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સેકટર-૧૬ના વણિજય વિસ્તારમાં ગીચતાને પગલે ખાસ કરીને બેંકના કામકાજ સમયે ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. જેમાં અનેકવાર તુ તુ મૈં મૈં જેવી બોલાચાલી અને રકઝક સાથે માથાકૂટના બનાવો સામાન્ય બની જવા પામ્યા છે. આજે સવારે આ પ્રકારના જ એક કિસ્સામાં એક વરિષ્ઠ વયના કારચાલક અને એક યુવા કારચાલક વચ્ચે થયેલી બોલાચાલીમાં બંને પક્ષે મર્યાદા ચુકી જવાતા એકઠું થયેલું ટોળુ પણ હેરત પામ્યું હતું અને સાથે સાથે તે સમયે ટ્રાફિક જામની પરિસ્થિતિ પણ સર્જાઈ હતી.

સેકટર-૧૬ના કોમર્શિયલ વિસ્તારમાં શહેરની મોટાભાગની બેંકોની શાખાઓ આવેલી હોવાથી બેંકિંગ અવર્સ દરમિયાન મુલાકાતીઓની સંખ્યા વધુ રહે છે. જેથી આ વિસ્તારમાં તે સમયે ચક્કાજામ ટ્રાફિક જોવા મળે છે. વળી, આ રોડ પર કરાતા આડેધડ પાર્કિંગના કારણે પણ સમસ્યા વધુ વકરે છે. આજે સવારે બનેલા કિસ્સામાં બેંક ઓફ ઈન્ડિયા સામે એક વરિષ્ઠ કાર ચાલક અને એક યુવા કારચાલક વચ્ચે કાર પાર્કિંગ બાબતે મતભેદ પડતા મામલો બીચકયો હતો અને જેમાંથી બોલાચાલી વધી જતા બંને જણ એકબીજા પર તુ તુ મૈં મૈં પર આવી ગયા હતા. યુવા કારચાલક દ્વારા વરિષ્ઠ નાગરિકને તું તારી સાથે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરાતો જોઈ આસપાસમાં એકઠાં થયેલા નાગરિકો હેબતાઈ ગયા હતા. જયારે વડિલે પણ પિત્તો ગુમાવતા સામે તેવી જ ભાષામાં માથાકૂટ કરી હતી અંતે એક સમજુ નાગરિકે બંને વચ્ચે પંડીને શાંત પાડયા હતા અને યુવાનને પિતાની ઉંમરસમા વડિલ સાથે ગમેતેમ બોલવા બદલ હળવો ઠપકો આપવા સાથે વડિલને પણ યુવાનને દિકરા સમાન ગણી માફ કરવા વિનંતી કરી મામલો થાળે પાડયો હતો.

જો કે આ પ્રકારના કિસ્સા સે-૧૬ના બેકિંગ વિસ્તારમાં દરરોજ જોવા મળી રહ્યા છે તેવું આ વિસ્તારના ખાણી-પીણીના લારીવાળાઓનું કહેવું છે. આ સમસ્યાનું મૂળ આ વિસ્તારમાં પડતી સંકળાશ અને તેમાં પણ આડેધડ કરાતું પાર્કિંગ છે. વળી, તંત્ર દ્વારા તો અહીં ટ્રાફિક કે પાર્કિંગ નિયમન માટે કોઈ પગલાં લેવાતા નથી પરંતુ નાગરિકો દ્વારા પણ રસ્તા પર જ ટ્રાફિક કરી બેજવાબદારપણું પ્રદર્શિત કરાય છે. શહેરમાં આ પ્રકારના કોમર્શિયલ વિસ્તારોમાં ખાસ કરીને બેંકિંગ કે ઓફિસ અવર્સ દરમિયાન પાર્કિંગ અને ટ્રાફિકનું યોગ્ય નિયમન કડક રીતે થાય તે હવે ઝડપથી વિકસી રહેલા પાટનગર માટે અનિવાર્ય બની રહ્યું છે.

## ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા નરોડા ખાતે ફ્રી મેડીકલ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨

કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સે-૧૨, ગાંધીનગર આયોજીત શેલ્બી હોસ્પિટલ, નરોડા દ્વારા તા. ૫-૧૧-૨૦૧૭ને રવિવારના રોજ ફ્રી મેડિકલ કેમ્પ તથા હેલ્થ ટોકિંગનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં સવારે ૯.૩૦ થી ૧૨.૦૦ કલાક સુધી મેડિકલ કેમ્પમાં કરોડરજ્જુની તપાસ, હાડકાને લગતી તપાસ અને ઘુંટણની તપાસ, દમ, અસ્થમા અને ફેફસાની તપાસ કરવામાં આવશે. ઉપરાંત બ્લડ સુગર, બ્લડ પ્રેશર તથા ઓકિસજનની તપાસ પણ કરવામાં આવશે. ત્યારબાદ બપોરે ૧૨ થી ૧ કલાક સુધી હેલ્થ ટોકિંગનો કાર્યક્રમ યોજાશે.

## બ્રહ્મ પડકારના સલાહકાર પદે એડવોકેટ અશ્વિન ત્રિવેદીની નિમણુંક

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના જાણીતા એડવોકેટ તથા યુવા બ્રહ્મ અગ્રણી અશ્વિન ત્રિવેદીની બ્રહ્મ પડકારના સલાહકાર તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ નિમણુંક થયા બાદ અશ્વિન ત્રિવેદીએ જણાવ્યું છે કે ગુજરાત વિધાનસભાની ચુંટણીઓમાં વિવિધ રાજકીય પક્ષો પાસે વીસ બેઠકો પર ટિકીટોની માંગણી બ્રહ્મ પડકાર દ્વારા કરવામાં આવી છે જેને પ્રબળ બનાવવા બ્રહ્મસમાજ દ્વારા દરેક જિલ્લામાં મહાસંમેલન તથા રેલીઓ યોજવામાં આવશે.

બ્રહ્મ પડકાર દ્વારા ગુજરાત વિધાનસભામાં બ્રહ્મ સમાજનું પ્રતિનિધિત્વ સરકારમાં જળવાય તે હેતુથી દરેક રાજકીય પક્ષો પાસે ૨૦



બેઠકો પર ટિકીટોની માંગણી સાથે સંગઠનની કામગીરી અંગે માહિતી આપતા બ્રહ્મ પડકારના નવનિયુકત સલાહકાર અશ્વિન ત્રિવેદીએ જણાવ્યું હતું કે ગુજરાતના દરેક જિલ્લામાં બ્રહ્મ શકિત રેલીનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ શૈલેષભાઈ સોટ્ટા, યુવા અધ્યક્ષ પૃથ્વી ભટ્ટના નેતૃત્વમાં મહેસાણા, અમદાવાદ તથા ભાવનગરની રેલીઓમાં બ્રાહ્મણોએ મોટી સંખ્યામાં બાઈક તથા કાર સાથે ભાગ લીધો હતો. આ ઉપરાંત હવે આગામી તા. ૧૦મી નવેમ્બરે ભુજ મુકામે બ્રહ્મશકિત મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. અશ્વિન ત્રિવેદીએ વિધાનસભાની ચુંટણીઓમાં બ્રહ્મસમાજ ઉણો ન ઉતરે તે માટે હાકલ કરી છે.



આજે સવારે ચ-૨ એ વેગનઆર નંબર જીજે ૧૬ એજે ૦૧૯૪માં બાપ્સના હરિભકત જતા હતા તે સમયે વેગનઆર ધડાકા સાથે સર્કલ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી હરિભકતને સામાન્ય ઈજા થઈ હતી જયારે વાહનને નુકશાન થયેલું તસવીરમાં નજરે પડે છે.

## જન્મદિને વધામણી




ઉષાબેન એમ ચૌહાણ
કન્વીનર, સમસ્ત જણસારી સમાજ વિકાસ પરિષદ
મો. ૯૪૨૭૦ ૫૬૮૪૫



જશજિતસિંહ પ્રેમલસિંહ ગોલ



સંકેત હેમંતભાઈ પોપટ
મો. ૯૦૩૩૦ ૨૫૨૮૩



જતીન ભગવાનદાસ પંચાલ

## અલુવા હિલ્સના ફાર્મ હાઉસમાં એસઓજીનો દરોડો : દારૂ-બિયરનો મોટો જથ્થો પકડાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લાના અલુવા ગામની સીમમાં આવેલા અલુવા હિલ્સમાં ગઈ મોડી સાંજે ગાંધીનગર એસઓજીની ટીમે દરોડો પાડી એક બુટલેગરને તેના મિત્રો સાથે દારૂની મહેફીલ માણતા પકડી પાડયા હતા. આ જ ફાર્મ હાઉસમાંથી એસઓજીને વિદેશી દારૂ-બિયરનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો. એસઓજીની ટીમે બુટલેગર સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી લઈ રૂ. ૭૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ઉંડી તપાસ શરુ કરી છે. તે ઉપરાંત આ ગુનામાં ફરાર લોદરાના શખ્સની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.



ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકી તથા તેમની ટીમે ગઈ મોડી સાંજે ચોકકસ બાતમીને આધારે અલુવા હિલ્સમાં ફાર્મ હાઉસ નં. બી-૧૬માં દરોડો પાડયો હતો. ફાર્મ હાઉસમાં દારૂની મહેફીલ માણી રહેલા અલુવાના સુરેન્દ્રસિંહ ઉર્ફે સુરો છત્રસિંહ રાઠોડ, માધવસિંહ ઉર્ફે લાલો મંગલસિંહ રાઠોડ, અમદાવાદ છારોડીના શ્રીકાંત વિજય જાની પેથાપુરના નાગરાજ સોસાયટીમાં રહેતા ભુપેન્દ્રસિંહ ઉર્ફે લાલભાઈ પ્રવિણસિંહ વાઘેલા અને પેથાપુરના પાર્થ સોસાયટીમાં રહેતા શૈલેષસિંહ મહેન્દ્રસિંહ રાણા મળી પાંચ શખ્સોને પકડી પાડયા હતા. તે ઉપરાંત લોદરાના માધાભાઈ ઉર્ફે માધો પશાભાઈ પટેલ ફરાર છે. ફાર્મ હાઉસમાં મહેફીલ કરતા પાંચેયને પકડીને અંદર તપાસ કરતાં દારૂ-બિયરનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો. ફાર્મ હાઉસમાંથી ૨૭૪ નંગ વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો તથા ૨૦ બિયર મળી કુલ રૂ. ૭૭,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## સેકટર-૪-બીમાં તુલસી વિવાહની ભવ્ય ઉજવણી



ગાંધીનગર, તા.૨

પાટનગર સહિત સમગ્ર ગુજરાતમાં કારતક સુદ-૧૧ના દિવસને 'તુલસી વિવાહ' તરીકે ઉજવવામાં આવે છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં આ દિવસને દેવ દિવાળી તરીકે ઉજવવામાં આવે છે. સેકટર-૪-બીમાં વસવાટ કરતા જયોત્સનાબેન દિક્ષિતના નિવાસસથાને 'તુલસી વિવાહ'નો પ્રસંગ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં વસાહતી કનુભાઈ દેસાઈને ત્યાંથી શાલીગ્રામ ભગવાનની જાન જોડીને લાવવામાં આવી હતી તેમજ મામેરૂ ગીતાબેન જાટીયાના ઘેરથી ભરવામાં આવ્યું હતું. તુલસી માતાને કન્યા તરીકે શણગારવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ભૂદેવ દ્વારા મંત્રોચ્ચાર કરવામાં આવતા સમગ્ર વાતાવરણ દિવ્ય અને આધ્યાત્મિક બની ગયું હતું. તુલસી વિવાહની ઉજવણીમાં વસાહતીઓએ ઉત્સાહભેર અને ભાવવિભોર થઈને ભાગ લીધો હતો. આ પ્રસંગે પ્રસાદ તરીકે ભોજન તથા ફળાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# અડાલજની વાવની મુલાકાત લેતા જાપાનના હ્યોગો પ્રાન્તના ગર્વનર શ્રી તોશીઝોઈડો

ગાંધીનગર, તા.૨

જાપાનના હ્યોગો પ્રાન્તના ગર્વનર શ્રી તોશીઝોઈડો અને તેમનું ૪૫ સભ્યોનું પ્રતિનિધિ મંડળ ગુજરાતની મુલાકાત આવ્યું છે. આજ રોજ હ્યોગો પ્રાન્તના ગર્વનર શ્રી તોશીઝોઈડોની આગેવાની હેઠળ પ્રતિનિધિ મંડળએ ગાંધીનગર જિલ્લામાં આવેલી સુપ્રસિધ્ધ અડાલજ વાવની મુલાકાત લીધી હતી.

બાંધકામ ક્ષેત્રે ભારતીય સંસ્કૃતિના ઐતિહાસિક વારસાને ઉજાગર કરતી અડાલજ વાવની મુલાકાત દરમ્યાન તેમણે તેના બાંધકામ અંગેની વિસ્તૃત વાવના આસપાસના ગાર્ડન અને માટે વપરાયેલા પથ્થરનું પણ





અડાલજ વાવના ઈતિહાસ અને માહિતી મેળવી હતી. તે ઉપરાંત વાવની કોતરણી અને બાંધકામ બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું.

અડાલજની વાવની મુલાકાતે આવેલા હ્યોગો પ્રાન્તના ગવર્નર અને તેમના પ્રતિનિધિ મંડળનું સ્વાગત ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે ઉષ્માભર્યું સ્વાગત કર્યુ હતું. કલેકટર શ્રી સતીશ પટેલ તથા ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી દેસાઈએ ગવર્નર શ્રી તોશીઝોઈડોને તથા તેમના પ્રતિનિધિ મંડળને અડાલજની વાવની આકર્ષક તસ્વીરની ફોટોફ્રેમ સ્મૃતિ ચિહ્ન રૂપે આપી તેમને વિદાય આપી હતી.

## @ગાંધીનગર

● રૂદ્રાભિષેક મંડળના સભ્યોનું સ્નેહ સંમેલન સાંજે ૪.૦૦ કલાકે પંચદેવ મંદિર સે-૨૨ ખાતે યોજાશે.

● જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્ય સભા સાંજે ૫.૦૦ કલાકે સે-૨૨ પંચદેવ મંદિરના યજ્ઞખંડમાં યોજાશે.

## બહુજન સમાજ પાર્ટી દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨

બહુજન સમાજ પાર્ટી દ્વારા શહેરના સેકટર-૬ બી કોમન પ્લોટ ખાતે આગામી તા. ૫ નવેમ્બરને રવિવારના રોજ સાંજે ૪ થી ૯ કલાક દરમિયાન સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્નેહમિલન સમારોહમાં શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના બહુજન સમાજ પાર્ટીના હજ્જારો કાર્યકતા ભાઈ બહેનો ઉપસ્થિત રહેશે. સ્નેહમિલન કાર્યક્રમ બાદ સૌ કાર્યકર્તા સ્વરૂચી ભોજન સાથે લેશે તેમ ગાંધીનગર ઉતર વિધાનસભા બહુજન સમાજ પાર્ટીના પ્રમુખ ગોંવિદભાઈ રાઠોડે જણાવ્યું છે.

## રવિવારે સવારે ઘ-૪ સર્કલે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર ખાતે ચાર વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપુર લાભ લે છે. ચાલુ માસની તા. ૫મી નવેમ્બરના રોજ સવારના ૭.૩૦ થી ૯.૩૦ સુધી ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથોસાથ પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાંચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં ૮૦ જેટલા સ્થળોએ આવી પુસ્તક પરબ યોજાય છે.

પુસ્તક પરબનો લાભ લેવા માટે સર્વશ્રી કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

## ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૨ સી, પ્લોટ નં. ૭૮૧-૨ ખાતે વસવાટ કરતા માલતીબેન ભાલચંદ્ર રાવલ ઉ.વ.૭૭ નું ગત તા ૧-૧૧-૧૭ને બુધવારના રોજ દુખદ અવસાન થયેલ છે. સદગતના કુટુંબીજન હીતેષ રાવલની સંમતીથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. આ કાર્યમાં તબિબિ સેવા ડો. સૌરવ અને ડો.મેઘાએ પુરી પાડી હતી. જયારે જુસીકાના કાર્યકર જે.એન.પરીખ, દિનેશ દવે અને ગણપત મકવાણાએ ચક્ષુસેવામાં મદદ કરી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (અમદાવાદ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય રણજીતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● સ્વ. માલતીબેન ભાલચંદ્ર રાવલ, ઉ.વ. ૭૬

● સ્વ. કમુબેન મંગાજી ઠાકોર, ઉ.વ. ૬૫